RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 130* Date: 08.03.2020 * Sunay *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### યસ બેન્ક ખાતાધારકોના નાણાં સુરક્ષિત,ગભરાવાની જરૂર નથીઃ રજનીશ કુમાર

## SBI બનશે સંકટમોચકઃ યશ બેંકમાં ૨૪૫૦ કરોડનું રોકાણ કરશે

*મુંબઈ,તા.૭*

ખાનગી ક્ષેત્રની યસ બેક્ન આર્થિક સંકટમાં સપડાતા ખાતાધારકોમાં હાહાકાર મચી ગયો છે. રિઝર્વ બેક્ન ઓફ ઈન્ડિયાએ યસ બેક્ન પર એક મહિનાના નિયંત્રણો લાદી દીધા છે તેમજ બેક્નમાંથી રોકડ ઉપાડ મર્યાદીત કરી દીધું છે. જો કે આ તમામ ચિંતા વચ્ચે બેક્નના ખાતાધારકો માટે રાહતના સમાચાર આવ્યા છે. સ્ટેટ બેક્ન ઓફ ઈન્ડિયાને યસ બેક્નને ઉગારવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે એસબીઆઈએ એક યોજના બનાવી છે જે અંતર્ગત તે યસ બેક્નનો ૪૯ ટકા હિસ્સો ખરીદશે. રજનીશ કુમારે કહ્યું કે હાલ યસ બેક્નને ૨૦૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. હાલ તેમાં રૂપિયા ૨૪૫૦ કરોડનું રોકાણ કરવાની એસબીઆઈએ યોજના બનાવી છે. એસબીઆઈના ચેરમેન રજનીશ કુમારે પણ જણાવ્યું છે કે હાલમાં યસ બેક્નના




ખાતા ધારકોના નાણાં સુરક્ષિત છે અને કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી.

રજનીશ કુમારે એસબીઆઈની રોકાણ યોજનાને વિસ્તારથી જણાવતા કહ્યું કે રોકાણ પ્લાન પર વિચાર કર્યા બાદ અમે ૯મી માર્ચના રોજ ફરીથી રિઝર્વ બેક્નની પાસે જઈશું. એસબીઆઈની લીગર ટીમ તેમજ ઈન્વેસ્ટમેન્ટ ટીમે સાથે મળીને ડ્રાફટ યોજના તૈયાર કરી છે. રજનીશ કુમારના મતે ડ્રાફટ યોજના જોયા બાદ અન્ય સક્ષમ રોકાણકારોએ પણ અમારો સંપર્ક કર્યો છે. યસ બેક્નના શેરધારકોના હિત સાથે બિલકુલ સમાધાન નહીં કરવામાં આવે.પ્રવર્તમાન સમયે બેક્નના ખાતાધારકોને મહિને ફક્ત રૂ. ૫૦ હજાર ઉપાડવાની છૂટ આપવામાં આવી છે. આરબીઆઈ દ્વારા મોરેટોરિયમ પીરિયડ લાગુ કરાયો હોવાથી ખાતાધારકો માટે આ સમસ્યા કામચલાઉ છે તેમ એસબીઆઈ ચેરમેને જણાવ્યું હતું. નાણાં ઉપાડવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા છે તેને લઈને તેમણે કહ્યું કે આનાથી લોકોને મુશ્કેલી જરૂર પડે છે પરંતુ કોઈએ ગભરાવાની જરૂર નથી.

યસ બેક્ન સંકટ પર કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે યસ બેક્નના ગ્રાહકોને વિશ્વાસ આપ્યો હતો. તેમણે કહ્યું કે, અમે ખાતાધારકોના પૈસા ડૂબવા નહી દઈએ. ગ્રાહકોના પૈસા સુરક્ષિત છે. ગ્રાહકોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. રિઝર્વ બેક્નના અધિકારીઓ સમાધાન કાઢવા માટે મહેનત કરી રહ્યા છીએ. આરબીઆઈએ પ્રાઈવેટ ક્ષેત્રની યસ બેક્ન પર એક મહિનાની અંદર ૫૦ હજાર રૂપિયા ઉપાડવાની લિમિટ લગાવતા તેના ગ્રાહકોમાં દોડધામ મચી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય રિઝર્વ બેક્નએ સંકટમાં ફસાયેલી ખાનગી ક્ષેત્રની યસ બેક્નને લઈ કડક વલણ અપનાવી બેક્નના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને વિખેરી નાખ્યુ હતું. આ ઉપરાંત બેક્નના ખાતાધારકો માટે નાણાં ઉપાડવા માટે રૂપિયા ૫૦,૦૦૦ની મર્યાદા લાદી હતી.

### એક દેશ બતાવો જે દરેકનું સ્વાગત કરતો હોય

## નાગરિકતા સંશોધન કાયદા બદલ ભારતના વખાણ થવા જોઈએઃ એસ. જયશંકર

*ન્યુ દિલ્હી,તા.૭*

વિદેશમંત્રી એસ.જયશંકરે શનિવારે દિલ્હીમાં ગ્લોબલ બિઝનેસ સમિટમાં સીએએ અને વિદેશનીતિ પર જવાબ આપ્યા હતા. જયશંકરે સીએએની ટીકા કરતા દેશોને બેધડક કહ્યું- મને દુનિયામાં એક દેશ બતાવો, જે દરેકનું સ્વાગત કરતો હોય, એકેય નથી. સીએએ આપણો આંતરિક મામલો છે. તેમાં કોઈ દેશને લેવાદેવા નથી. સરકારની વિદેશનીતિ પર તેમણે કહ્યું કે હવે આપણે વિશ્વમાં સાચા મિત્રોની ઓળખ કરી રહ્યા છીએ.

જો ભારત વિશ્વને સીએએ પર પોતાનો પક્ષ નહીં સમજાવી શકે તો શું થશે ? તેના પર તેમણે કહ્યું મીડિયાથી દૂર પણ દુનિયા છે. હું દુનિયાના દેશોની સરકારો સાથે જોડાયેલો રહ્યો છું. બ્રસેલ્સમાં મેં ૨૭ વિદેશમંત્રીઓ સાથે સીએએ પર વાતચીત કરી હતી. સરકાર અને સંસદ પાસે અધિકાર છે કે તેઓ દેશમાં નાગરિકતાના નિયમો નિર્ધારિત કરી શકે. આપણે મોટી સંખ્યામાં એવા લોકોને શરણ આપ્યું છે જેમની પાસે કોઈ નાગરિકતા ન હતી.

આ દરમિયાન તેમણે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નિદેશકની અસહમતિ જતાવવા વિશે સવાલ પૂછવામાં આવ્યો. જયશંકરે કહ્યું, તેઓ પહેલા પણ ઘણા મુદ્દાઓ પર ખોટી રહી છે. મેં જમ્મુ-કાશ્મીર પર તેમનો રિપોર્ટ જોયો છે. કેટલી સરળતાથી તેઓ બોર્ડર પારના આતંકવાદની વાતથી દૂર જતી રહે છે. એવું લાગે છે કે પાડોસના દેશમાં શું થઈ રહ્યું છે તેનાથી તેમને કોઈ લેવાદેવા નથી.

શું ભારત તેના મિત્ર દેશો ગુમાવી રહ્યું છે? તેના જવાબમાં વિદેશમંત્રીએ કહ્યું કદાચ હવે ભારત તેના સાચા મિત્રોને ઓળખી રહ્યું છે.

એક સમયે જોખમ બહુ હતા, આપણી ક્ષમતાઓ ઓછી હતી. ત્યારે આપણે દુનિયાને મેનેજ કરવાની રણનીતિ અપનાવી. પરંતુ હવે તે ન કરી શકાય. ભારત દુનિયાની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. એક દિવસે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જઈશું. દુનિયા બદલી રહી છે, હવે આપણે દુનિયાને બીજી રીતે સંભાળવી પડશે.

## ચીન બાદ કોરોના વાયરસનો ઈટલીમાં આતંકઃ એક જ દિવસમાં ૪૯ના મોત

*રોમ,તા.૭*

દુનિયાભરમાં કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. ચીનના વુહાનથી શરૂ થયેલું આ સંક્રમણ અત્યાર સુધી ૯૦થી વધુ દેશોમાં ફેલાય ચૂક્યું છે. તો ઈટલીમાં કોરોના વાયરસના લીધે શુક્રવારના રોજ ૪૯થી વધુ લોકોના મોતો થયા છે. આ એક જ દિવસમાં કોરોનાથી મરનારનો સૌથી મોટો આંકડો છે. ઈટલીમાં છેલ્લાં બે સપ્તાહમાં આ સંક્રમણથી મૃતકોની સંખ્યા ૧૯૭ થઈ ગઈ છે.

કોરોનાથી અત્યાર સુધી સૌથી વધુ મોત ચીનમાં થયા છે. ત્યારબાદ બીજા નંબર પર ઈટલી છે. ઈટલીમાં આ સંક્રમણના અત્યાર સુધી ૪૬૩૬ કેસ સામે આવી ચૂક્યા છે. જે ચીન, દક્ષિણ કોરિયા, અને ઈરાન બાદ સૌથી વધુ છે.

ઈટલી સરકારની તેના પર નજર છે કે શું કોરોનાનો ફેલાવો ઉત્તરથી થયો છે, જ્યાં સંક્રમણ ફેલાયા પહેલાંના ૧૦ દિવસ દરમ્યાન ઘણા લોકો સંક્રમિત થઈ ગયા હતા. હવે ઈટલીની ૨૨ જગ્યાઓ પર આ સંક્રમણથી લોકો પીડિત થયા છે.

ઈટલીના લાજીયોમાં શુક્રવારના રોજ કોરોનાથી વધુ એકના મોતના સમાચાર આવ્યા હતા, જે રોમ અને તેની બહારના વિસ્તારમાં સામેલ છે. જો કે દક્ષિણમાં કોરોનાથી અત્યાર સુધી કોઈનું મોત થયું નથી. ગયા બુધવારના રોજ બારી શહેરની આસપાસ પુગલિયાના દક્ષિણપૂર્વ ક્ષેત્રમાં પહેલી વાર એક માત્ર સંક્રમણની પુષ્ટિ થઈ.

આપને જણાવી દઈએ કે દુનિયાભરમાં અંદાજે એક લાખથી વધુ લોકો કોરોનાની ઝપટમાં આવ્યા છે જયારે અત્યાર સુધી અંદાજે ૩૪૦૦ લોકોના મોત થઈ ચૂકયા છે. તો બ્રિટનમાં પણ આ સંક્રમણથી પહેલાં મોતની પુષ્ટિ થઈ ચૂકી છે. અમેરિકામાં ૧૪ લોકોના મોત થયા છે. કોરોનાથી મુકાબલો કરવા માટે અમેરિકાએ ૬.૩ બિલિયન ડોલરનું ફંડ રજૂ કર્યું છે.

### સરકારને ૧૦૦ દિવસ પૂર્ણ થતાં ઉદ્ધવ ઠાકરે ભગવાન રામના શરણે

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રામમંદિર નિર્માણ માટે રૂ.૧ કરોડ આપશે

*અયોધ્યા,તા.૭*

મહારાષ્ટ્રમાં સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ થવા નિમિતે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સપરિવાર ભગવાન રામની નગરી અયોધ્યાની મુલાકાત લીધી છે. જ્યાં તેમણે રામ મંદિરના નિર્માણ માટે એક કરોડના દાનની જાહેરાત કરી છે. બપોરે લખનૌના એરપોર્ટ પર ઉતરાણ કર્યા બાદ ઉદ્ધવ ઠાકરે રોડ માર્ગે અયોધ્યા આવી પહોંચ્યા હતા. જ્યાં ઉપસ્થિત શિવસૈનિકો તેમજ તેમના સમર્થકોએ ઉદ્ધવ ઠાકરેનું સ્વાગત કર્યું હતું. ઉદ્ધવ ઠાકરેને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું.અયોધ્યાની મુલાકાત દરમ્યાન ઉદ્ધવ ઠાકરે નો સરયુ આરતી તેમજ જનસભાનો પણ કાર્યક્રમ હતો. પરંતુ કોરોના વાયરસને લઈને ગૃહ મંત્રાલય તેમજ આરોગ્ય મંત્રાલયની એડવાઈઝરી બાદ આ બંને કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

ઉદ્ધવ ઠાકરેએ પ્રેસ કોન્ફરન્સ સંબોધી જણાવ્યું કે હું અહીં રામલલ્લાના આશિર્વાદ લેવા આવ્યો છું. છેલ્લા દોઢ વર્ષમાં આ મારી ત્રીજી અયોધ્યા મુલાકાત છે. હું વારંવાર અયોધ્યા આવતો રહીશ. તેમણે કહ્યું કે અહીં ભગવાન રામનું મંદિર બનાવવાની જવાબદારી આપણા સૌની છે. મંદિર એવું ભવ્ય બનવું જોઈએ કે તે સમગ્ર દુનિયા જૂએ.

ઉદ્ધવ ઠાકરેએ પત્રકારોના સવાલનો જવાબ આપતાં કહ્યું કે હું ભાજપથી અલગ થયો છું, હિંદુત્વથી નહીં. ભાજપનો મતલબ હિંદુત્વ નથી. હિંદુત્વ અલગ છે, ભાજપ અલગ છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ કે સીએમ યોગીને અપીલ છે કે અમને અયોધ્યામાં થોડી જમીન આપે. અમે અયોધ્યામાં એ જમીન પર મહારાષ્ટ્ર ભવન બનાવીશુ. મહત્વનું છે કે ઉદ્ધવ ઠાકરેની આ ત્રીજી અયોધ્યા મુલાકાત છે. આ પહેલા ઉદ્ધવ ઠાકરે લોકસભા ચૂંટણી પહેલા અને ચૂંટણી બાદ અયોધ્યાની મુલાકાત લઈ રામલલ્લાના દર્શન કર્યા હતા.

શ્રીરામ જન્મભૂમિ મંદિરના સંત આચાર્ય સત્યેન્દ્ર દાસે જણાવ્યું કે રામલલ્લાના દર્શન કરી ઉદ્ધવ ઠાકરે તેમને મહારાષ્ટ્રની પ્રજાએ જે જવાબદારી સોંપી છે તે સુપેરે નિભાવે તેમજ હિન્દુત્વની વિચારધારાને આગળ ધપાવે. બીજી તરફ તપસ્વી છાવણીના આચાર્ય પરમ હંસ દાસે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા મુદ્દે ઉદ્ધવ પર નિશાન સાધ્યું હતું. પરમ હંસ દાસે કહ્યું કે શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેએ કંડારેલી હિન્દુત્વની વિચારધારાને કોરાણે મુકી ફક્ત સત્તા માટે ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું છે. રામલલ્લાના દર્શન બાદ ઉદ્ધવ ફરી હિન્દુત્વની વિચારધારા પર પરત ફરે તેવી સૌ સંતોને આશા છે તેમ પરમ હંસ દાસે કહ્યું હતું.

### હોળી મનાવવા જઈ રહેલા મજૂરોને કાળ ભરખી ગયો

## બિહારમાં જીવલેણ અકસ્માતઃ ટ્રેક્ટર-સ્કોર્પિયો વચ્ચે ટક્કર થતાં ૧૧ લોકોના મોત

*મુજફફરપુર,તા.૭*

બિહારના મુજફફરપુરમાં એક ગમખ્વાર અકસ્માની ઘટના સામે આવી છે. જેમાં એક સ્કોર્પિયો કાર અને ટ્રેક્ટર વચ્ચે ભીષણ ટક્કર થતા અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૪ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું સામે આવી રહ્યું છે.



આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, મુજફફરપુરના કાંતિ પોલીસ સ્ટેશનની હદમાં આવતા નરસંડા ગામ પાસે નેશનલ હાઈવે ૨૮ પરથી પસાર થઈ રહેલી સ્કોર્પિયો સામેથી આવી રહેલા ટ્રેક્ટર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. આ ટક્કરના કારણે સ્કોર્પિયોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ અકસ્માતમાં ૧૧ લોકો મોતને ભેટ્યા છે અને મૃતકોની સંખ્યા વધી શકે છે.

આ અકસ્માત બાદ ઘટના સ્થળે ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને રોડ પર ચક્કાજામ કર્યો હતો. આ અંગેની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ અકસ્માતનો ભોગ બનેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

આ અંગે પોલીસે જણાવ્યું કે, આ અકસ્માત શનિવારે વહેલી પરોઢે થયો છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનો ભોગ બનેલી સ્કોર્પિયો ગાડીનું રજિસ્ટ્રેશન ઉત્તર પ્રદેશમાં થયેલું હોવાનું સામે આવ્યું છે. હાલ ત્રઝમ્ની મદદથી અકસ્માત ગ્રસ્ત ટ્રેક્ટર અને સ્કોર્પિયોને રોડ પરથી દૂર કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. જેથી રોડ પરથી વાહનોની અવરજવર થઈ શકે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જનઔષધિ કેન્દ્રના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

## કોરોના વાયરસને લઈને અફવાઓ પર ધ્યાન ના આપશોઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૭*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું સમગ્ર વિશ્વ નમસ્તેની આદત કેળવી રહ્યું છે, જો કોઈ કારણથી આપણે આ છોડી દીધી હોય તો હાથ મિલાવવાની જગ્યાએ ફરીથી આ આદત પાડવાનો આ યોગ્ય સમય છે. હું તમને અપીલ કરું છે કે કોઈ અફવાઓ પર ધ્યાન ન આપો. જો કોઈ પણ શંકા હોય તો ડોક્ટરની સલાહ લો.



મોદીએ વીડિયો કોન્ફોરન્સિંગ દ્વારા જનઔષધિ કેન્દ્રના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો. તેમણે કહ્યું કે આ દિવસ કોઈ યોજનાને સેલિબ્રેટ કરવાનો નથી પરંતુ લાખો ભારતીયો, પરિવારો સાથે જોડવવાનો દિવસ પણ છે, જેમને આ યોજના દ્વારા રાહત મળી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકારના ચાર સૂત્રો પર કામ કરી રહી છે. પહેલું પ્રત્યેક નાગરિકોને બિમારીથી કેવી રીતે બચવું જોઈએ, બીજુ જો તે બિમાર થઈ જાય તો તેને સસ્તો અને સારો ઈલાજ કેવી રીતે મળે, ત્રીજા ઈલાજ માટે આધુનિક હોસ્પિટલ, પર્યાપ્ત તબીબ અને મેડીકલ સ્ટાફ અને ચોથુ સૂત્ર છે મિશન મોડ પર કામ.

મેં ભગવાનને તો નથી જોયા, પરંતુ મોદી જી હું તમારામાં જોઉ છુંપએક મહિલાની આ વાત સાંભળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા. જન ઔષધિ દિવસ પર થયેલા કાર્યક્રમના અવસરમાં ભાવુક થયા. કાર્યક્રમમાં લકવાગ્રસ્ત મહિલાએ કહ્યું કે જન ઔષધિ દવાઓના લીધે તેમની સ્થિતિ સુધરી છે અને ખર્ચ પણ ઓછો થયો છે.

કાર્યક્રમમાં દીપા શાહે આ આવત કહી. તેઓએ કહ્યું ૨૦૧૧મા મને લકવો થયો હતો, હું બોલી શકતી નહોતી. સારવાર જે ચાલી રહી હતી તે ખૂબ જ મોંઘી હતી તેના લીધે ઘર ચલાવવું મુશ્કેલ થઈ ગયું હતું. પછી જન ઔષધિ (જેનેરિક) દવાઓ લેવાનું શરૂ કર્યું. તેના લીધે પૈસા બચ્યા. પહેલાં દવાઓ ૫૦૦૦ની આવતી હતી, હવે ૧૫૦૦ની આવે છે. બાકી બચેલા પૈસામાં ઘર ચલાવું છું, ફળ ખાઉ છું. મહિલએ આગળ કહ્યું ક મેં ઈશ્વરને જોયા નથી પરંતુ ઈશ્વરના રૂપમાં મોદીને જોયા છે. આમ બોલતા મહિલા રડવા લાગી. ત્યાં મોદી પણ ભાવુક થઈ ગયા.

ત્યારબાદ મોદીએ દીપાને સંબોધિત કરતાં કહ્યું કે તમે બીમારીને હરાવી છે. તમારો હોંસલો સૌથી મોટો ભગવાન છે. એ જ તમારો ભગવાન છે. તેના લીધે જ તમે આ સંકટમાંથી બહાર નીકળી શકયા.ત્યારબાદ મોદીએ જેનરિક દવાઓના વખાણ કર્યા. તેમણે કહ્યું કે આ દવાઓથી દીપા ઠીક થઈ, આ પુરાવો છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર કોઈ દવાથી આ દવાઓ કંઈ કમ નથી.

## તંત્રી સ્થાનેથી...

# હાથના કર્યા હૈયે વાગ્યા

વિકાસ અને શહેરીકરણની આંધળી દોટમાં આપણે એટલ ગુલતાન થઈ ગયા છીએ કે પ્રકૃતિ સાથેની સમતુલા તોડી નાંખી છે. નોર્વેની રાજધાની ઓસ્લોમાં 'ઑસ્લો ટ્રોપિકલ ફોરેસ્ટ ફોરમ'ની બેઠકમાં જંગલોના વિનાશ અંગે 'વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટ' દ્વારા રજૂ કરાયેલા આંકડા હબક ખાઈ જવાય તેવા છે. પૃથ્વી પરથી ૧,૫૭,૮૨૯ ચોરસ કિલોમીટર અથવા તો બાંગલાદેશ જેટલા ક્ષેત્રફળમાં દાવાનળ, કુદરતી આફતો, જમીનના ધોવાણ તેમજ વૃક્ષોના કાપવા સહિતના કારણોસર ટ્રોપિકલ જંગલોનો નાશ થયો હતો. જંગલોમાં વૃક્ષો આડેધડ કપાવાથી હવામાં ૭.૫ બિલિયન ટન વધુ કાર્બન ડાયોક્સાઈડ ઠલવાયો હતો. વૃક્ષોની ગેરહાજરીમાં કાર્બન શોષાયા વિના હવામાં ભળે છે. કાર્બન હવામાં વધુ ઠલવાય તેમ ગરમી વધવી, બરફ પીગળવો, નદીઓ સુકાવી, જમીનમાંથી ભેજ ઘટવા સહિતની સમસ્યાઓ સર્જાય છે, જેના પરિણામ આપણે ગ્લોબલ વોર્મિંગના નામે સહન કરી રહ્યા છીએ. આ રિપોર્ટ અનુસાર પૃથ્વી પરથી દર મિનિટે ફૂટબોલના ૪૦ મેદાન અથવા ૩ લાખ ચો.મી. જેટલાં જંગલ સાફ થઈ રહ્યાં છે. દક્ષિણ અમેરિકા ખંડ, દક્ષિણ-પૂર્વ એશિયા અને મધ્ય આફ્રિકામાંથી સૌથી વધુ જંગલ નષ્ટ થઈ રહ્યા છે. ભારતમાં ટ્રોપિકલ જંગલો આમ પણ ઓછાં છે. વર્ષ ૨૦૦૧થી ૨૦૧૭ સુધીનાં ૧૬ વર્ષમાં કુલ ૧૫,૪૦૦ ચો. કિ.મી. વિસ્તારના જંગલોનું નુકસાન ભારતને થયું છે.કાર્બન ડાયોક્સાઈડ એમીશન વૈશ્વિક તાપમાનમાં સરેરાશ વધારા માટે મુખ્ય કારણ છે. ગયા વર્ષે એનર્જી સંબંધિત કાર્બન એમિશન રેકોર્ડબ્રેક વધીને ૩૨.૫ ગીગાટન થયું છે ત્યારે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ તો ચેતવણી આપી છે કે એક તરફ ઊર્જાની ખપત વધતી જાય છે અને બીજી તરફ, ઊર્જાની કાર્યક્ષમતા સુધારવાના પગલાં ધીમાં પડતાં જાય છે તેનું પરિણામ માનવજાતે સહન કરવું જ પડશે. સમગ્ર વિશ્વમાં પેટ્રોલ અને ડિજલના વધતા વપરાશથી હવામાં પ્રદુષણ વધતું જ જાય છે. આ ફોસીલ ઓઈલ્સના ભાવ ગમે તેટલા વધતા જાય પરંતુ, વાહનોનો વપરાશ ઘટતો નથી. આપણે જોઈએ છીએ તેમ વાહનો સતત વધતાં જાય છે.સમગ્ર વિશ્વમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગના કારણે શરીર દઝાડતી ગરમીનો અનુભવ ઉત્તર ગોળાર્ધના મોટા ભાગના દેશોમાં થઈ રહ્યો છે. બ્રિટન, ફ્રાન્સ હોય કે કેનેડા કે અમેરિકા હોય, તમામ વિસ્તારોમાં હીટવેવ્ઝથી લોકો શેકાય છે અને મોતને ભેટે છે. એવું નથી કે દિવસ દરમિયાન જ ઊંચા તાપમાન રહે છે, ઓમાન જેવાં રણ પ્રદેશમાં પણ રાત્રિનું તાપમાન સમગ્ર વિશ્વમાં સૌથી ઊંચુ નોંધાયું હતું. આ બધું ગ્લોબલ વોર્મિંગના કારણે થાય છે તેમ આપણે કહેતા રહીએ છીએ પરંતુ, તેના ઉપાયો કરવામાં આવતા નથી. ખરેખર તો, આપણા હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે. વેસ્ટર્ન યુરોપના ટાપુઓ હીટવેવમાં તરફડી રહ્યા છે ત્યારે યુરેશિયા અને મિડલ ઈસ્ટની હાલત પણ સારી નથી જ. રશિયામાં પણ લોકો પરસેવાથી રેબઝેબ રહે છે. મિડલ ઈસ્ટના ઓમાનમાં જૂન મહિનામાં સૌથી ઊંચુ તાપમાન ૪૨.૬ ડીગ્રી સેલ્સિયસ રહ્યું હતું હતું. પાકિસ્તાનમાં સૌથી ઊંચુ તાપમાન ૫૦.૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.આ વખતે પણ ઉનાળો કાળઝાળ રહેવાની આગાહી હવામાન વિભાગે કરી જ દીધી છે એટલે તેનાથી

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૮/૦૩/૨૦૨૦, રવિવાર, ફાગણ સુદ-૧૪
સૂર્યોદય-૭-૦૪, સૂર્યાસ્ત-૬-૫૧, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૩૨ થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૮ સુધી, ૧૪-૨૭થી શુભ-૧૫-૫૬ સુધી, ૧૮-૫૩ થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૬ સુધી

- શુભ હોરા-
૮-૦૨થી ૧૧-૦૦ સુધી, ૧૧-૫૯થી ૧૨-૫૮ સુધી, ૧૪-૫૬ થી ૧૭-૫૪ સુધી ૧૮-૫૩ થી ૧૯-૫૪ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૮-૦૩-૨૦૨૦ રવિવાર

**મેષ (અ.લ.ઈ.) :-** જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** સહ્રાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

**મિથુન (ક.છ.ઘ.) :-** વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

**કર્ક (ડ.હ.) :-** નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

**સિંહ (મ.ટ.) :-** પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

**કન્યા (પ.ઠ.ણ.) :-** જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

**તુલા (ર.ત.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

**વૃશ્ચિક (ન.ય.) :-** કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.) :-** રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

**કુંભ (ગ.શ.સ.) :-** નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

**મીન (દ.ચ.ઝ.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

### ભારતીય મહિલા ટીમ પાસે પ્રથમ વાર વર્લ્ડકપ જીતવાનો મોકો

# ટી-૨૦ વર્લ્ડ કપઃ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે ફાઈનલ

મેલબોર્ન,તા.૭



પ્રથમવાર મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ મેચમાં ઉતરી રહેલ ભારતીય ટીમ ઇતિહાસની રચના કરવા માટે તૈયાર છે. ૮ માર્ચએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ખાસ અવસરે ભારતીય ટીમ મેલબર્નમાં રેકોર્ડતોડ દર્શકો સામે હાલની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ઉતરશે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૧૨.૩૦ કલાકે રમાશે.

ભારતે ગ્રુપ ચરણમાં અજેય રહેતા આઇસીસી મહિલા ટી-૨૦ વિશ્વકપની ફાઇનલમાં સ્થાન બનાવી લીધુ છે. તેણે ગ્રુપ ચરણમાં ચારેય મેચ જીતી લીધી, જેમા ટૂર્નામેન્ટના ઉદ્વાટનમાં ચાર વારની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાઇ ટીમ વિરૂદ્ધની ૧૭ રનની જીત પણ સામેલ છે.

ઈંગ્લેન્ડ સામેની સેમીફાઇનલ વરસાદ પડ્યા બાદ હરમનપ્રીત કૌરની આગેવાનીવાળી ભારતીય ટીમ પ્રથમ વખત ફાઈનલમાં પહોંચી હતી. ભારતની ૧૬ વર્ષીય શેફાલી વર્માની આક્રમક બેટિંગ અને સ્પિન વર્ચસ્વ ધરાવતા બોલિંગ એટેકની સફળતા ભારતીય ટીમ માટે મુખ્ય ભૂમિકા રહી છે.

પરંતુ જો ભારતને પ્રથમવાર આઇસીસી ટ્રોફી જીતીને ઇતિહાસ રચવો હોય તો સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત જેવી સ્ટાર ખેલાડીઓએ ઉપયોગી યોગદાન આપવું પડ્શે. મધ્યમક્રમની ખેલાડીઓએ સારૂ પ્રદર્શન કરવાની જરૂર છે. મેદાન પર સારૂ પ્રદર્શન કરવાની સાથે ભારતીય ટીમને મહત્વપૂર્ણ મેચમાં દબાણથી પણ બહાર આવવું પડશે.

આ અગાઉ ત્રિકોણીય શ્રેણીની ફાઈનલ મેચમાં ભારતને હરાવનાર ઓસ્ટ્રેલિયાને ફાઇનલમાં રમવાનો ગણો અનુભવ છે. તે સતત છઠ્ઠી વખત ફાઈનલમાં પહોંચી છે. ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ પ્રેશર મેચમાં મહત્વપૂર્ણ ક્ષણોમાં કેવી રીતે પ્રદર્શન કરવું સારી રીતે જાણે છે, જ્યારે ભારત મોટી મેચોમાં દબાણમાં આવે છે. ૨૦૧૭ના વનડે વર્લ્ડ કપ અને ૨૦૧૮ વર્લ્ડ ટી-૨૦ની ફાઇનલમાં ભારતે સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારતીય ટીમને કિશોરી શેફાલી વર્માથી ફરીથી જોરદાર બેટિંગની આશા રહેશે અને આ વખતે મંધાના પાસે પણ ધારદાર બેટિંગની આશા છે. હરમનપ્રીત માટે ફોર્મમાં પરત ફરવુ અને આગળ આી નેતૃત્વ કરવા માટે આથી મોટુ મંચ નહી હોય. જો શેફાલી સારૂ પ્રદર્શન નથી કરતી તો ગ્રુપ ચરણમાં પ્રતિસ્પર્ધિ સ્કોર બનાવવો મુશ્કેલ બની જશે. કારણ કે મધ્ય અને નિચા ક્રમની બેટિંગનું યોગદાન મહત્વનું રહેશે.

ભારત માટે સારી વાત એ છે કે ઓસ્ટ્રેલિયામાં તેનો રેકોર્ડ સારો રહ્યો છે. ભારતે ત્યાં પોતાના ઘર કરતા વધુ મેચો જીતી છે. બંને દેશ વચ્ચે ઓસ્ટ્રેલિયામાં ૮ ટી-૨૦ રમાઈ છે. બંને ટીમે તેમાંથી ૪-૪ મેચ જીતી છે. જ્યારે ભારતમાં બંને દેશ વચ્ચે રમાયેલી ૭ ટી-૨૦માંથી ભારત માત્ર ૧ મેચ જીત્યું છે અને ૬માં હારનો સામનો કર્યો છે. ભારત ઘરઆંગણે કાંગારું સામે ૧૪ ટકા, જ્યારે વિદેશમાં ૫૦ ટકા મેચ જીત્યું છે.

# યસ બૅન્કનું ડૂબવું એ સરકારના ગેરવહીવટનું પરિણામઃ પી.ચિદમ્બરમ્

ન્યુ દિલ્હી,તા.૭

યસ બેંક સંકટને લઈને કોંગ્રેસના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમે કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. ચિદમ્બરમે શનિવારે કહ્યું હતું કે યસ બેક્નું ડૂબવું એ વર્તમાન સરકારની દેખરેખ હેઠળ નાણાકીય સંસ્થાઓના ગેરવહીવટનું પરિણામ છે. યસ બેક્કે લોનનું વિતરણ કેવી રીતે કર્યું તેના પર આરબીઆઈ અને સરકારનું મૌન સવાલો ઉભા કરે છે. છેવટે, આરબીઆઈ અને નાણાં મંત્રાલયે પહેલા તેના વિશે કેમ વિચાર્યું નહીં. તેમણે કહ્યું કે સરકાર અને નાણાં પ્રધાને યસ બેંકના પતનને લોકો અને મીડિયાથી છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ નાણાકીય સંસ્થાઓની ગેરવહીવટ લોકો સમક્ષ આવી રહી છે.

પી.ચિદમ્બરમે રણદીપ સુરજેવાલા સાથેની એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, નાણાં પ્રધાન, મને કહો કે યસ બેક્નની લોન કેવી રીતે ૨૦૧૪ થી ૨૦૧૯ ની વચ્ચે પાંચ ગણી વધી. આ હું તેમની લોન બુક પરથી કહી રહ્યો છું, માર્ચ ૨૦૧૪ માં લોન બુકની રકમ ૫૫ હજાર કરોડ હતી જે માર્ચ ૨૦૧૯ માં વધીને ૨ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. માત્ર બે વર્ષમાં તે ૯૮ હજાર કરોડથી ૨ લાખ કરોડ રૂપિયા કેવી રીતે પહોંચ્યું.

ચિદમ્બરમે કહ્યું કે નાણાં પ્રધાન યુપીએની સત્તાની વાત કરે છે અને હું નાણામંત્રી છું. ૨૦૧૪ પહેલાં વાત અવગણો, પરંતુ ઓછામાં ઓછું અમને કહો કે યસ બેક્નને ૨૦૧૪ પછી લોનનું વિતરણ કરવાની મંજૂરી કોણે આપી હતી. શું કોંગ્રેસે આ કર્યું? યસ બેંકને બચાવવા માટે, ચિદમ્બરમે એસબીઆઈના ૪૯% શેર ૨૪૫૦ કરોડ રૂપિયામાં ખરીદવા જણાવ્યું હતું, આ યોજનાને બદલે યસ બેક્નુ ટેક ઓવર કરવામાં આવે અને એસબીઆઈની ખરાબ લોન બુક વધારવામાં આવે.

# માહિતી કમિશ્નર બિમલ જુલ્ફાની સીઆઈસી તરીકે નિમણૂંક

ન્યુ દિલ્હી,તા.૭

ઈન્ફર્મેશન કમિશનર બિમલ જુલ્કા ચીફ ઈન્ફર્મેશન કમિશનર (સીઆઈસી) તરીકે નિમણુંક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સેરેમનીમાં સીઆઈસી તરીકે જુલ્કાને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

સુધીર ભાર્ગવ ૧૧ જાન્યુઆરીએ નિવૃત્ત થયા બાદથી સીઆઈસીનું વડાનો હોદો ખાલી હતો. હાલમાં સીઆઈસી છ ઈન્ફર્મેશન કમીશનરોની ઘટાડેલી સંખ્યાથી ચાલી રહી છે. આની સામે સીઆઈસી સહિત કુલ મંજૂર સંખ્યા ૧૧ની છે. જુલ્કાની નિમણૂક બાદ પણ હજુ આઈસીમાં કુલ પાંચ જગ્યા ખાલી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ એક પસંદગી સમિતિએ ગત મહિને પૂર્વ માહિતી અને પ્રસાર સેક્રેટરી જુલ્કાના નામની આ હોદા માટે ભલામણ કરી હતી. નિયમો મુજબ એક સીઆઈસીની નિમણૂક વડાપ્રધાનના અધ્યક્ષપદની કમિટીના ભલામણના આધારે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

# અફઘાનિસ્તાનના કાબૂલમાં મોટો આતંકી હુમલોઃ ૩૨ લોકોના મોત

કાબૂલ,તા.૭

કાબુલમાં મોટો આતંકવાદી હુમલો થયો હતો. અફઘાનીસ્તાનના કબુલમાં મોડી રાત્રે આતંકવાદીઓ દ્વારા એક મોટા આતંકવાદી હુમલોને અંજામ અપાયો. હુમલામાં ૩૨ લોકોના મોત થયા છે અને અફઘાનીસ્તાનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અબ્દુલ્લા અબ્દુલ્લા માંડ માંડ બચ્યા છે. આ ઉપરાંત પણ ઘણી મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા.

સૂત્રો અનુસાર પોલીસે વળતા જવાબમાં બે બંદૂકધારીને માર્યા છે. સંપૂર્ણ હુમલાની જવાબદારી આતંકી સંગઠન આઈએસએ લીધી છે. જોકે તાલીબાનીઓનું કહેવું છે કે આ હુમલામાં તેમનો કોઈ હાથ નથી. આઈએસના આતંકીઓએ લઘુમતી શીયાઓ વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું છે. જે કાર્યક્રમમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમાં મોટા ભાગના શીયા લોકો હતા.

ઉલ્લેખનીય છે કે અફઘાનીસ્તાનમાં આ આતંકવાદી હુમલો એ સમયે થયો છે કે જ્યારે અમેરીકા અને તાલીબાન વચ્ચે શાંતિ સમજૂતી પર કરાર થયા છે. જેની નીચે અમેરીકાએ તેની સેનાને નિકાળવા તૈયાર થયો છે. અમેરિકાએ તાલીબાન પર આતંકી સંગઠનોથી સંબંધ ખત્મ કરવાની શરત પણ મૂકી છે.

# કોરોના વાયરસઃ જમ્મુ-સાંબા જિલ્લામાં તમામ સ્કૂલ ૩૧ માર્ચ સુધી બંધ

**શ્રીનગર,તા.૭**

કોરોના વાયરસના કહેરને લઈને જમ્મુ અને સાંબા જિલ્લામાં તમામ પ્રાથમિક શાળાને ૩૧ માર્ચ સુધી તાત્કાલિક પ્રભાવથી બંધ કરી દેવામાં આવી છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીરમાં તમામ બાયોમેટ્રિક હાજરીને ૩૧ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરમાં કોરોના વાયરસના બે દર્દીની રિપોર્ટ પોઝિટિવ હોવાની શક્યતા છે. રાજયના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ અનુસાર બંને દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપને જોતા આ પગલા ઉઠાવવામાં આવ્યા છે. કારણ કે તેનાથી ઈંફેક્શન થવાનો ખતરો છે. એક મશીનના માધ્યમથી હાજરી પૂરવાથી જો કોઈમાં કોરોનાના લક્ષણ હોય તો તે વાયરસ બીજામાં ફેલાઈ શકે છે.

ચીનના વુહાનની શરૂ થયેલો ખતરનાક કોરોના વાયરસ ઝડપથી દુનિયાભરમાં ફેલાઈ રહ્યો છે. કોરોના વાયરસથી દુનિયાભરમાં ૧ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. કોરોના વાયરસના કારણે મૃત્યુઆંક ૩૨૦૦ને પાર થયો છે. ભારતમાં અત્યાર સુધીમાં ૩૧ લોકોમાં કોરોના વાયરસની પુષ્ટી થઈ છે.

### હુમલામાં વપરાયેલા આઈઈડી માટે એમેઝોન પરથી કેમિકલની ખરીદી કરી હતી

# પુલવામા હુમલોઃ એનઆઈએએ વધુ બે લોકોની ધરપકડ કરી

શ્રીનગર,તા.૭

પુલવામામાં ગત વર્ષે સીઆરપીએફના જવાનો પર થયેલા આતંકવાદી હુમલાને લઈને મોટો ખુલાસો છે. તેમાં ઉપયોગમાં લેવાયેલા ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ બનાવવા માટે કેમિકલ એમેઝોનમાંથી ઓનલાઈન મંગાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આ મામલામાં વાઈજ ઉલ ઈસ્લામ(૧૯) અને મોહમ્મદ અબ્બાસ રાથેડ(૩૨)ની ધરપકડ કરી છે. વાઈજ શ્રીનગર અને અબ્બાસ પુલવામાના હાકરીપોરાનો રહેનાર છે. પુલવામા હુમલાને લઈને અત્યાર સુધીમાં ૫ લોકોની ધરપકડ થઈ ચૂકી છે. ૩ દિવસ પહેલા જ એનઆઈએ એ હાકરીપોરમાંથી પિતા-પુત્રીની ધરપકડ કરી હતી . તેમની પર આરોપીઓને શરણ આપવાનો આરોપ છે.

૧૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પુલવામાના લેથપોરામાં સીઆરપીએફ જવાનોને લઈને જઈ રહેલી બસ પર આતંકવાદી હુમલો થયો હતો. હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલી ગાડીને બસ સાથે અથડાવી હતી. હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા.


એનઆઈએના પ્રવક્તાના જણાવ્યા મુજબ, શરૂઆતની તપાસમાં વાઈજે કબુલ્યુ કે તેણે એમેઝોનમાંથી કેમિકલનો ઓર્ડર કર્યો હતો. તેની પર આઈડી બનાવીને બેટરી અને અન્ય સામાન પણ મંગાવવામાં આવ્યો હતો. તેના માટે પાકિસ્તાને જૈશ-એ-મોહમ્મદના આતંકીઓને નિર્દેશ આપ્યા હતા. એમેઝોનમાંથી આઈટમ મંગાવવામાં આવ્યા બાદ વાઈજે પોતે જૈશના આતંકીઓને તેને સુપરત કરી હતી.

# સીએએનો આ છે વિકલ્પ ઉત્તમથી સર્વોત્તમ તરફ જવાનો રસ્તો.....!..!

(જીએનએસઃ હર્ષદ કામદાર)
દિલ્હી

કોમી હિંસાનો વાયરસ દેશભરમાં ફરી વળ્યો છે અને તેના પડઘાં દેશભરમાં અને વિશ્વના કેટલાક દેશોમાં પણ પડ્યા છે. ત્યારે જ કોરોના વાઈરસે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. તેની અસર વિશ્વના બજારો પર મોટા પ્રમાણમાં થઈ છે.ચીનના માલસામાનના જે તે દેશોમાં ખડકલા ખડકાઈ ગયા છે. તેને ઉપાડવા કોઈ તૈયાર નથી. તે સાથે ચીન મંદીમાં ફસાઈ ગયું છે. તેનું ઉત્પાદન પણ ઘટી ગયું છે.... ત્યારે ભારત માટે કોરોના વાઈરસ વેપાર-ધંધાની તક લઈને આવ્યો છે મતલબ એક અવસર દેશના આગણે આવી ગયો છે.જો ભારતના રાજનેતાઓની ઈચ્છાશક્તિ હોય તો ભારતમાં ઉત્પાદિત થતો વિવિધ માલ-સામાનની નિકાસ કરવા માટે મહામૂલો અવસર હાથ લાગ્યો છે તે તક ઝડપી લેવામાં આવે તો....?! ભારતની આર્થિક ગાડી સડસડાટ પાટાઓ પર દોડતી થઈ જાય, તે સાથે દેશભરના ઠપ થઈ ગયેલ કે ઉત્પાદન કરતાં નાના મોટા તમામ ક્ષેત્રના ઉદ્યોગો-ધંધાઓ ધમધમતા થઈ જાય, કરોડો બેરોજગારોને નોકરીઓ મળી જાય, બજારમાં પૈસો હરતો-ફરતો થવા લાગે જેનાથી નાના-મોટા દરેક બજારો ધમધમતા થઈ જાય. મંદીનો રાક્ષસ ×ભોં×માં ભંડારાઈ જાય. તો દેશનો જીડીપી આભને આંબવા તરફ દોડતો થઈ જાય....!પરંતુ ભારતના રાજકારણીઓએ આ માટે રસ તરબોળ થઈ જવાની જરૂર છે.... પરંતુ તેમના હૈયે તો મતબેંક ઊભી કરવાનું જ સ્વપ્ન રાચી રહ્યુ હોય તેવું અનુભવાઈ રહ્યું છે.....! અને તેનું કારણ છે દિલ્હીના તોફાનો..... ભારતભરમાં દિલ્હીના તોફાનો ચર્ચાનો મુખ્ય કેન્દ્રિય મુદ્દો બની ગયા છે. દિલ્હીના તોફાનો પૂર્વઆયોજિત હોવાનું સાબિત થઈ રહ્યું છે.... છતાં રાજકીય પક્ષો એકબીજા પર માછલા ધોવામાંથી ઊંચા નથી આવતા....! ભારતનાં બજારો ઉપર માઠી અસર થઈ છે, મંદીનો રાક્ષસ જડબુ ફેલાવી રહ્યો છે, તો દેશભરમાં મોંઘવારી- બેરોજગારી સહિતના પાયાના પ્રશ્નો વિકરાળ રૂપ ધારણ કરી રહ્યા છે. છતાં રાજકીય પક્ષો કોમ્યુનલ વાઈરસને નજરમા રાખી દોડી રહ્યા છે અને તોફાનોમાં પોતાની વોટબેંક ઉભી કરવામાં ડૂબી ગયા હોય તેવુ સૌ કોઈને પ્રતિત થઈ રહ્યુ છે....! દિલ્હીના તોફાનોમાં નાગરિકતા કાનૂન તરફદારીઓ અને તેના વિરોધીઓના ભેજા કામ કરી રહ્યા છે... તો ક્યાંક રાજકીય પીઠબળ કામ કરી રહ્યા હોય તેમ લાગે છે....! ત્યારે સવાલ એ ઉઠે છે કે મહાન લોકશાહી દેશ ભારતમાં શું થવા બેઠું છે....? દિલ્હીના તોફાનોનું રૂપ એ છે કે ખાસ ચોક્કસ વિસ્તારોને- સ્થળોનેજ ટારગેટ બનાવ્યા હતા.. જે લોકો ભડકાઉ ભાષણ આપનાર નેતાઓ પર એફઆઈઆર કરવાની માંગ કરી રહ્યા છે તેઓ તો પોતાની જ્ઞાતિ-જાતિના હીરો બની ગયા છે. લોકો પણ હવે સમજી ગયા છે કે દિલ્હીના તોફાનો પૂર્વઆયોજિત હતા.. આ બધું છતાં રાજકીય પક્ષો મગરના આંસુ પાડી રહ્યા છે.....! ખરેખર તો ×કોરોના વાયરસ× એ તો ભારત માટે ×બગાસું ખાતા મોંમાં પતાસું 'ની જેમ ધંધો કરવાનો અવસર કહેવો અતિશયોક્તિ નથી.. આ સમયે તેનો લાભ ઉઠાવવો જોઈએ. કારણ વિદેશો સાથે વ્યાપાર કરવા માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે... પરંતુ રાજકારણીઓ સમજે તો.....?! દેશમાં અત્યારે કોમ્યુનલ વાઈરસ પ્રસરી રહ્યો છે અને રાજકારણીઓ તેમાંથી પોતાને લાભ મળે તે માટેના પ્રયાસો કરી રહ્યા છે.....! જે દેશ માટે ભારે નુકસાન કારક છે. કોરોના વાઈરસ કે અન્ય કોઈપણ વાઈરસને નાથી શકાય છે. પણ કોમ્યુનલ વાયરસને નાથવો દુષ્કર છે અને આ વાયરસ ભારતમાં અનેક રાજ્યોમાં વિવિધ રૂપે પેદા થાય છે કે પેદા કરવામા આવે છે જેમાં અનેક નિર્દોષોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ કોમ્યુનલ વાઈરસનો રાજકીય હથિયાર તરીકે અનેક વાર દેશમાં ઉપયોગ થઈ ગયો છે. અને તે દબાઈ ગયા બાદ લોકોને મોડે મોડે ખબર પડે છે કે કોમ્યુનલ વાઈરસને ફેલાવનારા કોણ હતા.... પરંતુ ×ખાટલે મોટી ખોટ× એ છે કે સમય વીતી જતા લોકો આવો વાઈરસ અને તેના ફેલાવનારાઓને ભૂલી જાય છે. અને આ કારણે રાજકારણીઓ પોતાના લાભ માટે પોતાની વિવિધ યોજનાઓ ઘડી કોમ્યુનલ વાયરસ ફેલાવી લાભ લઈ જાય છે.....! ત્યારે હવે દેશના લોકોએ જાગૃત થવાની જરૂર છે અને રાજકીય ખેલ સમજવાની જરુર છે. જો લોકો સ્વયં જાગ્રત નહીં થાય તો કોમ્યુનલ વાઈરસ અવારનવાર વિવિધ રૂપે પ્રગટ થતો રહેશે પછી તે ગમે તે રૂપે ત્રાટકતો રહેશે અને અનેક નિર્દોષ લોકોનો ભોગ લેતો રહેશે......! કેન્દ્ર સરકાર સીએએ અને એનઈરસી કાયદો લાવી છે ત્યારે દેશભરમાં મોટાભાગના લોકોમાં આ કાયદા માટે અસમંજસતા છે અને એટલા માટે જ આ કાયદા સામે દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. તો કેન્દ્ર સરકારે મુસ્લિમ માટેના શબ્દો વાપર્યા છે તેના પડઘા વિવિધ પ્રકારે દેશભરમાં પડ્યા છે અને આવા સમયે જ આસામમાં વસ્તી ગણતરી થઈ રહી છે તેમાં મૂળ ભારતના એક માજી અને તેના હિન્દુ પરિવારે પોતાના પતિના ૧૯૫૧ ના પાસપોર્ટના પુરાવા સહિતના વિવિધ પુરાવો આપવા છતાં તેઓને નોટિસ આપવામાં આવી છે તેનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે તેની મોટી અસર દેશભરમાં પડી છે..કારણ કે આ હિંદુ કુટુંબ છે. ત્યારે એક રાજકારણથી દૂર રહેતા પ્રૌઢ ઉંમરના વ્યક્તિએ કહ્યું કે દેશની વસ્તી ૧૩૦ કરોડ પર પહોંચી ગઈ છે તેને રોકવા ફક્ત ×બે બાળકો બસ× કાયદો ફરજિયાત કરવાનો લાવવો જોઈએ અને બે ઉપર ત્રીજું સંતાન થાય તો તેમને મળતાં સરકારી તમામ લાભો બંધ કરી દેવામાં આવે તે સાથે નાગરિકતા કાયદો રદ કરી દેવામાં આવે તો મોદી સરકાર માટે ×સોને પે સુહાગા× બની જાય, કોઈપણ પ્રકારનો વિરોધ ન થાય પણ.... મોદી સરકાર આવો કાયદો ઘડશે કે કેમ.....? વંદે માતરમ

# ‘ફટાણાં’



“માંડવડે કાંઈ મેલો રે બાજોઠી કે ફરતી મેલો રે કંકાવટી,
તેડાવો મારે આશાભરના જોશી કે
આજ મારે લખવી છે કંકોતરી....”

કે પછી હોય,

“નાણાંવટી રે સાજન બેઠું માંડવે” કેટલાં સરસ લગ્નગીત, આને કહેવાય‘ફટાણાં’.

દોસ્તો લગ્ન એટલે શું? લગ્ન એટલે “બે પરિવાર, બે વિચારધારા, બે હૈયાનો મેળાપ”. આ લગ્ન પ્રસંગમાં‘ફટાણાં’ ન હોય એ કેમ ચાલે? ‘ફટાણાં’ એટલે શું? કારણ આજની આ શાશ્વતપ્રજા તો આ નામથી અજાણજ હશે. કારણ આફટાણાં પણ લુપ્ત થઈ રહ્યાં છે.

દોસ્તો ફટાણાં એટલે,“ગીત દ્વારાં થતી મીઠી તકરાર, વરપક્ષ અને વધુપક્ષ દ્વારાંકરાતો મીઠો ઘા જે હાથ ઊંચા કરીને ગળામાંથી હોય એટલો ઊંચા સુરે સામસામે થતું વાક્યુદ્ધ. એમાં પછી કોઈને ખોટું પણ ના લાગે. એ ફટાણાંમાં વરવધૂના સગાંનેતો આડેહાથે લેતા પણમજા તો ત્યારે આવતી કે એક ફુઆ જે હંમેશા મોઢું ચડાવીને જ ફરતા હોય એને પણ ના છોડતા, એ તો રહેવા દો ગોર મહારાજ અને અણવરને પણ ફટાણાંમાં જોડી દેતા આવા આ ફટાણાંની મજા જ કંઈ ઔર હોય છે.

દોસ્તો અફસોસ એ વાતનો છે આવી મજા હવે રહી નથી કારણ લગ્નગીત ગાવાવાળા પણ બહારથી પૈસા ખર્ચીને બોલાવવાં પડે છે. એટલું જ નથી લગ્નની મજા પણ મરી ગઈ છે, નકરો પૈસાનો દેખાડો અને ખોટાં આડંબરો રહી ગયાં છે.

દોસ્તો લગ્નની મજા તો પહેલાં બહુ જ હતી એની વાત કર્યા વગર હું રહી શકતી નથી.દોસ્તો પહેલાં તો લગ્ન લખાય ત્યારથી ઘરમાં પ્રસંગની શરૂઆત થઈ જતી. એમાં પણ ચાલમાં અને ગામડામાં લગ્નની મજા જ કંઈક ઔર હતી. લગ્ન લખાય ત્યારથી જ માંડવો રોપીને ગણેશ-સ્થાપના થઈ જતી. રોજ રાતે આજુબાજુની સ્ત્રીઓ આવીને લગ્નનાં ગાણાં ગાતી અને લાણી પણ આપવામાં આવતી. આ સિલસિલો છેક લગ્નના દિવસ સુધી ચાલતો.

દોસ્તો તમને ખબર છે દરેક લગ્નની વિધિનું પણ એક આગવું મહત્વ છે. તે પછી માળા રોપવાથી કે પીઠી ચોડવાથી કે પછી મીંઢણ બાંધવું કેપસ પાટ હોય અને હાએનાં પાછાંફટાણાં પણ હોય જ જેમકેપાટથી ઉઠાડવાં માટે,

“કોમલ બેનનાંમામા રે તમે ઓરેરા આવો કે
કોમલ બેન ને પાટે થી ઉતરાવો.”

આવાંફટાણાં થી માહોલ હાસ્યમય રહેતું. તેમાં પણ એક એવી રીત હતી ઉકરડી બેસાડવી. આ વિધિમાં દીકરીને પાટે બેસાડીને રામનદીવડો લઈને‘ઉકરડી’ બેસાડવાં જતાં. એટલે કે કચરાપેટી પાસે એને સોપારી મૂકીને આમંત્રણ આપતા કે જેથી તમારા પ્રસંગમાં કોઈવિઘ્ન ના આવે ત્યાં પણફટાણાં હોય જ,

“નદીને ગામને ગોંદરે રે બે નારિયેળી,
ઘરડો બળદ વેચાઈ બે નારિયેળી.”

જેવા ફટાણાં ગાતા અને ઘરે આવતા.

લગ્નમાં વરપક્ષને ત્યાંતો એનું ફુલેકું નીકળતું. ફુલેકું એટલે આખાં ગામમાં બેન્ડવાજાં સાથે રાતનાં વરઘોડો નીકળતો જેમાં ખભેપેટ્રોમેક્સની લાઈટ લઈને ચાલતાં માણસો સાથે બગીમાં શાંતિથી વરરાજાની સવારી નીકળતી વરરાજાના મોઢાંમાં પાન ભેરવી રાખતાંકે જેથી એનું મોઢું ફુલેલું લાગતું અને નાચગાન સાથે આખાં ગામમાં આ વરઘોડો નીકળતો. આ પ્રથા તો લગભગ બંધ થઈ ગઈ છે.દોસ્તો ત્યારે આજની જેમ કેટરિંગનો જમાનો નહતો. વાડીમાં રસોઈયાઓ રાખીને ભોજનબનાવાતું.એમાં પુરુષવર્ગ આખી રાત વાડીમાં રહેતા જ્યાં પાન-બીડી અને કસુંબાપાણીની મહેફિલ જામતી. આખી રાત એક બાજુ રસોઈયા રસોઈ કરે અને પુરુષો ગપાટાં મારે સાથેઠઠ્ઠામશ્કરીઓ અને ડાયરાની રમઝટ બોલાવે અને વાડીમાં જ નહાયધોઈને તૈયાર થઈ જતા. દોસ્તો એ વખત જ કંઈ ઔર હતો સગા સંબંધીઓ જવાબદારી ઉપાડી લેતાં.લગ્નનાં દિવસે જાન આવે તો એની આગતા-સ્વાગતામાં બધાં જ લાગી જતાં, જાણે પોતાનું જ પ્રસંગ કેમ ના હોય. એમ બધાં સ્વેચ્છાએ કામ કરતાં. લગ્નનાં દિવસે જાન આવે ત્યારે જો વેવાણને પોંખવામાં જરાપણ વિલંબ થાય તો એનું આવી જ બને,

“છાપરેથી હેઠી ઉતર રે મારી નવલી વેવાણ”

જેવા ફટાણાંથી પોતાનો રોષ વ્યક્ત કરતાં.

લગ્ન હોય અને અણવરને યાદ ન કરીએ તો કેમ ચાલે,અણવર મોટાંભાગે તો બનેવીલાલને બનાવતા. જેમાંઅણવરને નાકથી લઈને જૂતા સુધી બધું જ સંભાળવાનું રહે એને પણ કન્યાપક્ષવાળાંફટાણાંમાં બરાબર લેતાં. આ તો થઈ ફટાણાંની વાત પણ લગ્નનાં દિવસે જમણવારની પણ એક અલગ જ મજા હતી ત્યારે આજની જેમ બુફે ભોજન ન હતું, પંગતો પડતી અને કન્યાપક્ષવાળાંતાણ કરી કરીને મીઠાઈ ખવડાવતાં એની મજા આજનાં બુફેમાં ક્યાં? ત્યારે ભલે વેરાઈટી ઓછી હતી પણ આ સાદા ભોજનમાં પણ ભાવ બહુ જ હતો. સાદા રસગુલ્લાકે ગુલાબજાંબુમાંજે મજા હતી તે આજના લાઈવ-કાઉન્ટરમાં ક્યાંયજોવા જ નથી મળતી ત્યારે દોસ્તો સાંજનારીસેપ્શન હોયને તો પણ આજની જેમ જમણવાર નહીં માત્રને માત્ર આઈસક્રીમ કે કોલ્ડડ્રીંક્સ હતાં, તો પણ બધાંહોંશેહોંશે વર-વધૂને આશીર્વાદ આપવાં જતાં અને બે કે ત્રણઆઈસક્રીમઝાપટીજતાં.આતો હસવાની વાત છે પણ દોસ્તો બધાંની સાથે પ્રસંગ ક્યાં સચવાઈ જતો ખબર જ ન પડતી.

દોસ્તો તમને ખબર છે છેલ્લે દીકરીને વિદાય આપે ત્યારે પૈડુંસીંચે અને સાથે પુરત અને‘માઈમાટલું’ શકનનું આપે. એ વસ્તુ જુદી છે કે હવે આ બધું નીકળી જ ગયું છે. પણ પહેલાં તો મોટી કોઠી ભરીને‘માઈમાટલું’ ભરતાં જેમાં વિવિધ મીઠાઈ,મગ, નારિયેળ, વડી, સુવાડી અને સાસુપાપડઆપતાં. હવે તમે કહેશો આ ‘સાસુપાપડ’ શું છે? તો પાપડ પર સાસુનું નામ લખી શણગારતાં. જયારે આ ‘માઈમાટલું’છોડતાં ત્યારે બધી સાસુ આ પાપડ શેકીને ખાતાં, બધી સાસુ એટલે વડસાસુ, કાકીસાસુ,મામીસાસુ વગેરે. કરિયાવરમાં દીકરીને શું આપ્યું એ પણ બધાંને દેખાડવું પડતું એને આણું પાથરવું કહેતાં. ત્યારે પણ બધાં આણું જોવાં આવતાં અને દીકરીને પોતાનાં તરફથી ભેટ-સોગાતમાં વાસણ આપતાં. હવે તો આણું પાથરવાનું રિવાજ રહ્યો નથી એટલે વાસણપ્રથા પણ બંધ થઈ ગઈ અને ચાંદલાપ્રથા પણ લગભગ બંધ જ થઈ ગઈ છે. એ એક સારી વાત છે. દોસ્તો લગ્નપ્રસંગ પતે પછી પણ અઠવાડિયું તો સગાસંબંધી ઘરે જ રહેતાં અને બહેન દીકરીઓને ચાંદલો પાછાં વાળવાની પ્રથા હતી. ફઈબા તો સૌથી છેલ્લે જતાં. ફઈબાને પણ ફટાણાંમાં જડવાસે ત્યારે બરાબર લેવાતાંકે,

“ફઈબાને ફૂમતીયાળી સાડી તોય
ફઈની અડધી ફાંદઉઘાડી”
અને “ફુઆને જોટોનેવળી ધોતી તોય
ફુઓ બાંધે છે લંગોટી”

આવાંફટાણાંની મજા હવે આકળાતો લગભગ લુપ્ત થવાને આરે છે. એની જગ્યા હવે સંગીત સંધ્યા એ લઈ લીધી છે પણ આપણી યાદમાં તો તે અવિરત રહેશે.....

જીજ્ઞા કપુરીયા ‘નિયતિ‘

## મૂળ સૌરાષ્ટ્રના ને હાલ સુરત પટેલ અગ્રણી એ ત્યકતા પટેલ યુવતી ને મદદ કરવા ને બહાને

# સંતાનો ની હાજરી માં દેહ પીંખ્યો ને ફાર્મ હાઉસે લઈ જઈ ત્યાં ગેગ રેપ કર્યો

મૂળ ગોંડલ ની યુવતી ને સુરત સાસરે ગયેલ પતિ ની દારૂ પીવા ની ટેવ ને મારઝૂડ થી ત્રાસી ને છૂટાછેડા લીધેલ પુત્ર અને પુત્રી ને અભ્યાસ કરવા બે સંતાનો ને સાથે રહી એકલી રહેતી ત્યારે આરોપી

મૂળ અમરેલી લાઠી નજીક ગામ ના પરેશ તલાવીયા સુરત માં મુનિ સ્કૂલ સંચાલક અને જમીન મકાન નો વ્યવસાય કરતા પટેલ અગ્રણી છે તે વો એ પ્રથમ આ પટેલ પરિવાર ને ઘર ચલાવવા આર્થિક મદદ રૂપ બની વિશ્વાસ કેળવેલ ને નજીક આવેલ પોતે પરણિત હોવા છતાં અપરણિત હોવા ની વાત કરી યુવતી ના ગોંડલ રહેતાં પિયર ના ઓ નો વિશ્વાસ જીતી ને બન્ને પરિવાર નો નજીક આવેલ આખરે



એકદીવસ પોતાનું પોત પ્રકાસેલ ને રાત્રી ના ૯ વાગે ચીકાર નશા ની હાલત માં યુવતી ના ઘરે આવી યુવતી ના પુત્રી અને પુત્ર ની હાજરી માં છેડતી શરૂ કરતાં સંતા નો એ વિરોધ કરતા ૧૫ ના પુત્ર ને આરોપી પરેશ તલાવીયા ઠોર માર મારી હથિયાર બતાવી ને બીજા રૂમ માં પુરી દીધા ને પછી પોતે કાલુ કામ કરી છતાં ધરાયેલ નહિ આરોપી એ ફરી પોત પ્રકાસી ને ફરી યુવતી ને તેમના વિડિઓ ફોટા આપી સમાધાન કરવા ના બહાને ફાર્મ હાઉસ પર લઈ જઈ યુવતી ને બળ જબરી થી બાંધી ને દારૂ પીવડાવી ને હાજર આરોપી પરેશ તલાવીયા અને તેમનો મિત્ર રાકેશ ધાનાની એ બને મળી હવસ સંતોષી એટલે થી અટક્યાં વગર આરોપીઓ એ યુવતી ને બે ફામ માર મારી યુવતી ના ગુપ્ત ભાગે દારૂ ની બોટલો થી ઈજા કરેલ યુવતી બે ભાન થઈ જતા બને આરોપો ઓ યુવતી ને ફાર્મ હાઉસ ના રૂમ માં પુરી ને જતા રહેલ યુવતી મોડી રાત્રે ભાન માં આવતા તેમણે તેમની પુત્રી ને કોલ કરી મદદ માટે બોલાવેલ ત્યારે યુવતી ની પુત્રી તેમનો પુત્ર અને યુવતી ના રિલેટિવે ફાર્મ હાઉસ પર આવી ને યુવતી ને ઘરે લઈ ગયેલ જે તે વખતે સંતાનો ના ભવિસ્ય ન બગડે તે માટે જે તે વખતે ફરિયાદ કરે લ નહિ પરંતુ ફરી આરોપીઓ નો ત્રાસ વધી જતાં આજરોજ અમરોલી પોલીસ સ્ટેશન પર યુવતી ને તેમના પરિવાર જનો પહોંચી ગયેલ ને આરોપીઓ વિરુદ્ધ લગ્નની લાલચ ને આર્થિક મદદ કરી ને તેમની નજીક આવી બળાત્કાર તથા હથિયાર બતાવી ધાક ધમકી અંગેનો ગુન્હો દાખલ કરાવેલ ફરિયાદી જ્યારે પોલીસ સ્ટેશન પર ગયા હોવાથી આરોપીઓ ના મળતીયા ઓ નેતા ઓ ભલામણો કરવા ને સમાધાન કરવા દોડી આવેલ પરંતુ યુવતી એ તેમના પર થયેલ ગેગ રેપ અમનુષી ત્રાસ ની આપવીતી વણવી ફરિયાદ દાખલ કરવા મક્કમ રહેલ આ આગે એક આરોપી મુનિ ઈન્ટરનેશનલ સ્કૂલ સંચાલક પરેશ તલાવીયા ની ધરપકડ કરી લીધેલ છે ને અન્ય આરોપી ની શોધખોળ બાકી છે ગુન્હા ની તપાસઁ ચૌધરી ચલાવી રહ્યા છેઆ હાઈ પ્રોફાઈલ કેશ બનાવ થઈ સુરત શહેર માં ચર્ચા નો વિસય બનેલ છે આરોપી અને ફરિયાદી બન્ને સૌરાષ્ટ્ર ના હોવાથી સૌરાષ્ટ્રમાં માં પણ ચર્ચાસ્પદ બનેલ છે

# श्री परशुराम भारत यात्रा संपूर्ण

देश के २८ राज्यों,सवा लाख किलो मीटर व ३००० गांव शहरों की यात्रा ????अप्रैल में समापन समारोह ।। ???? संपूर्ण भारत के ब्राह्मण समाज को महा संपर्क अभियान के माध्यम से एक दूसरे के साथ जोड़कर संगठित करने के लिए राजस्थान के लोहार्गल तीर्थ से ५ मार्च २०१७ को प्रारंभ हुई श्री परशुराम भारत यात्रा १५ फरवरी २०२० को हरिद्वार में पूर्ण कर ली गई । प्र2यात कथा वक्ता व विश्व ब्राह्मण महापरिषद के अंतर्राष्ट्रीय कार्यवाहक अध्यक्ष आचार्य राजेश्वर के नेतृत्व में चलाई गई इस 卐श्री परशुराम भारत यात्रा卐 ने कई क्षेत्रों में अनेक कीर्तिमान स्थापित किए हैं । इस यात्रा में आचार्य राजेश्वर के साथ विश्व ब्राह्मण महापरिषद के अंतरराष्ट्रीय अध्यक्ष बैंगलोर निवासी डॉ शंकर शर्मा , सीकर के पंडित नंदकिशोर शर्मा , जयपुर के प्रशांताचार्य शर्मा , पाली जिले के प्रकाश चंद्र गौड, दौसा जिले के रविराज खांडल , जयपुर झोटवाड़ा के श्याम बाबा मंदिर के महंत राजू शर्मा जी, चूरू के गौरव शर्मा , टोंक के शैलेंद्र शर्मा , लालसोट के राजू पंडित, हंसराज, नवल किशोर शर्मा, मनोज बाढदार, सीताराम बीलवाल, सुरेश माटोलिया आदि अनेक ब्राह्मण बंधुओं ने समय-समय पर यात्रा में साथ चल कर महत्वपूर्ण भूमिका निभाई । इस पूरी यात्रा में भगवान परशुराम का रथ लगभग ६०००० किलोमीटर से अधिक सड़क मार्ग से चलकर एक कीर्तिमान बना चुका है , जबकि यात्रा की आगे व्यवस्था करने वाली गाड़ी द्वारा एक लाख १६ हजार किलोमीटर से अधिक चलकर यात्रा की व्यवस्थाओं को मूर्त रूप देकर यात्रा को सफल बनाने में महत्वपूर्ण भूमिका निभाई गई, इसके अलावा इस यात्रा के लिए विभिन्न चरणों के विश्राम स्थल तक आने व जाने के लिए बस व रेल द्वारा भी ४०००० किलोमीटर से अधिक की यात्रा तय की गई । यात्रा का संचालन विश्व ब्राह्मण महापरिषद व ब्रह्म परशुराम अखाड़ा द्वारा किया गया। इसके साथ ही विभिन्न राष्ट्रीय व प्रादेशिक ब्राह्मण संगठनों ने भी सहयोग दिया । यात्रा के दौरान भारत के सभी राज्यों व केंद्र शासित प्रदेशों की यात्रा करते हुए आचार्य राजेश्वर ने ३००० से अधिक गांव शहर व कस्बों में छोटी बड़ी सभाओं को संबोधित किया । इसी कड़ी में १००० से अधिक स्थानों पर यात्रा की अगुवाई में नगर भ्रमण व जुलूस के कार्यक्रम भी रखे गए । इस यात्रा के दौरान आचार्य जी व उनके साथियों ने ८०० से अधिक रातें अलग - अलग जगहों पर बिताई । संपूर्ण भारतवर्ष के विप्र बंधुओं द्वारा शानदार प्रतिसाद के साथ ही मिली सकारात्मक ऊर्जा का ही परिणाम है की यह यात्रा सफल हो सकी। इस यात्रा के माध्यम से १० लाख से अधिक ब्राह्मण बंधुओं से व्यक्तिशः संपर्क कर उनका डाटा जुटाया गया। इस यात्रा को एक महा संपर्क अभियान के रूप में लिया गया, जिसके माध्यम से भारत के विभिन्न हिस्सों में रहने वाले भिन्न-भिन्न भाषा और गोत्रों में बटे हुए ब्राह्मण बंधुओं का एक विशाल नेटवर्क तैयार किया गया । इस यात्रा की यह सबसे बड़ी उपल4िध है कि आज २ घंटे में पूरे भारतवर्ष के ब्राह्मणों को कोई भी संदेश पहुंचाया जा सकता है । इस यात्रा को तीन उद्देश्यों के साथ पूरा किया गया । पहला भगवान परशुराम जी के जीवन चरित्र का प्रचार-प्रसार तथा उनके बारे में जो भ्रांतियां आमजन में फैली हुई है उनको दूर करना रहा । दूसरा चूंकि भारत का ब्राह्मण एक दूसरे के संपर्क में नहीं होने के कारण संगठित नहीं हो पाया है, इसलिए संपर्क अभियान के माध्यम से पूरे भारत के ब्राह्मणों को जोड़कर संगठित करने का प्रयास किया गया । इस यात्रा का तीसरा उद्देश्य ब्राह्मण हेल्पलाइन की स्थापना करना है , ताकि समाज के बच्चों को शिक्षा से संबंधित मार्गदर्शन , रोजगार से संबंधित सहयोग , देशभर में ब्राह्मण बंधुओं के द्वारा चलाई जा रही विभिन्न योजनाओं , भवनों धर्मशालाओं छात्रावासों , चैरिटेबल हॉस्पिटल आदि की जानकारी देना , तथा देश के किसी भी हिस्से में किसी भी ब्राह्मण पर किसी भी तरह का संकट आने पर सहयोग करना। १२ अप्रैल २०२० को इस यात्रा का समापन समारोह आयोजित किया जावेगा , जिसमें देश भर के ब्राह्मण बंधु शिरकत कर समाज की अस्मिता , सुरक्षा व बच्चों के भविष्य को लेकर ना केवल चिंतन करेंगे बल्कि विभिन्न योजनाओं को मूर्त रूप देने के लिए कार्य भी शुरू करेंगे । सड़क मार्ग से किसी भी सामाजिक सरोकार या धर्म क्षेत्र में की गई सबसे लंबी दूरी की यात्रा का कीर्तिमान यह यात्रा बना चुकी है। -निवेदक - संचालन समिति, श्री परशुराम भारत यात्रा

# સિંગાપોર હનીમૂન પર ગયેલ મહિલાનો કોરોના વાઈરસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો

રાજકોટ,તા.૭

રાજકોટનું એક નવદંપતી ૨૫ ફેબ્રુઆરીએ હનીમૂન માટે સિંગાપુર મલેશિયાની ટુર પર ગયા હતા. આ દરમિયાન ૧ માર્ચથી યુવતીને તાવ અને શરદી થઇ હતી અને ૬ માર્ચે તેઓ મુંબઈ ઉતર્યા હતા અને ત્યાંથી ફ્લાઈટ મારફત શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે રાજકોટ આવીને ઘર પહોંચ્યા હતા. ઘર પહોંચતા જ યુવતીની તબિયત વધુ બગડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તપાસ કરનાર તબીબને કોરોનાના લક્ષણ જણાતાં આરોગ્ય વિભાગને જાણ કરી હતી. આરોગ્ય વિભાગે યુવતીને તુરંત સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં શિફ્ટ કરાઈ હતી તેમજ સેમ્પલ લેવાયા હતા. યુવતીના પતિમાં હજી કોઇ લક્ષણો દેખાયા નથી. હવે પત્નીનો પણ કોરોના વાઈરસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર યુવતીને તાવ, ગળુ બળવું, શરદી, ઉધરસ, કફ સહિતની સમસ્યા સિંગાપુર હતી ત્યારે જ હતા અને ત્યાં કોરોનાના પુષ્કળ કેસ સામે આવ્યા છે.



**Yesterday it was Proud and Happiest day... Anjali Tanna got Prestigious Gujarat Icon Award of Best Classical Dancer at Mumbai with respective hand of Big Industrialist Madam Amla Ruiaji and Directro of All India Radio & Dorodarshan Mumbai Mr. Niraj Agravalji fro her Dedication, Passion and Love fro Indian Classical Dance Kathak... And She had done beautiful semi Classical Perfromance... Many dignitaries like Sudesh Bhosale ji, Mansoro Showghi Yezdi of Cafe Irani Chaii, Bollywood and Television Actros & Actresses, many Leaders from different industries and categroies of society... We were feeling very proud to called us to get Award... Thank you so much Akhil Bansal of Royal Heritage Foundation, Mumbai...**

# ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજયનુ પ્રથમ એસ.એ.ડી.એસ. સેન્ટર સ્થપાશે

*ગાંધીનગર,તા.૭*

રાજયમા સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોની ભાગીદારી થકી રોજગારીનુ નિર્માણ થાય તે માટે રાજય સરકાર માટે નવતર અભિગમ દાખવીને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યનુ પ્રથમ સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝ (એસ.એ.ડી.એસ.) સેન્ટર સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માએ આ અંગે વિગતો આપતા કહ્યુ હતુ કે આ સેન્ટરના નિર્માણ માટે નવી દિલ્હી ખાતે સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝની સુવિધા માટે રાજ્ય સરકાર અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિફેન્સ સાયન્ટિસ્ટ અને ટેકનોલોજીસ્ટ (આઇ.ડી.એમ.ટી.) સાથે નવી દિલ્લી ખાતે એમ.ઓ.યુ કરાયા છે. તેમણે ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમના માર્ગદર્શન હેઠળ આ નવીન અભિગમ થકી સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોની ભાગીદારી થકી રોજગારીની તકો માટે રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને ઉદ્યોગોને યોગ્ય રીતે જોડાણ કરવામાં મહ્ત્વનું પુરવાર થશે. અંજુ શર્મા એ કહ્યુ કે ગુજરાત યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝ (એસ.એ.ડી.એસ.) સ્થાપવા માટેના સહયોગ અને સંશોધનના હેતુ અર્થે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ નોડલ પાર્ટનર જયારે આઈ.આઈ.ટી.-રામ અમદાવાદ અને આઇ.ડી.એસ.ટી. નોલેજ પાર્ટનર તરીકે નિયુક્ત કરવામા આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી અને આઈડીએસટી વિદ્યાર્થીઓને ઉદ્યોગની ભાગીદારી અને રોજગારીની તકો માટે ગુજરાત સરકાર સાથે પરામર્શ કરીને ઉદ્યોગને યોગ્ય રીતે જોડણ કરવામાં કારગર સાબિત થશે.

# કરોના વ્રત ની કથા

એક નગર હતુ એમાં એક શેઠ રહેતા હતું એમના ઘરે સુખ સંપતિની છોળો ઉડતી હતી અને એમનો વેપાર દેસ વિદેસ ફેલાયેલો હતો શેઠ જહાજો ભરી માલ લઈ દેસ વિદેસ વેપાર કરવા જતા હતા અને અઢળક સંપતિ કમાતા હતા ... દેશ વિદેશ વેપાર હાટુ જવાના કારણે શેઠ ને સોમરસ પીવાની આદત પડી ગઈ હતી જે બાબતે તેમને શેઠાણી હારે રોજ ઝઘડો થતો હતો શેઠ સોમરસ પીવે એ શેઠાણીને ગમતુ નહી આથી એ શેઠ સાથે ઝઘડો કરતા હતા એકવાર શેઠાણીએ મોટો ઝઘડો કરી બધો શેઠ ના હાથ માંથી સોમરસ નો પિયોલો ઝુંટવી લઈ એને ઢોળી દીધો અને શેઠ ને પોતાના સમ આપી સોમરસ છોડી દેવા બાધા અપાવી દીધી ત્યાર બાદ શેઠ જહાજો લઈ ને વેપાર કરવા ચીન દેસ ગયા હતા ત્યાના વુહાન બંદરે શેઠે જહાજો લંગારી વેપાર કરયો અને

થોડા સમય રહી શેઠ વેપાર કરી ચીન થી પરત આવ્યા .

ચીન થી પરત આવતા જ શેઠ ની તબિયત બગડી ગઈ અને શેઠ ને કોઈ ગંભીર બિમારી લાગુ પડી ગઈ હતી જે મોટા મોટા વેદો અને હકીમો પણ પકડી શક્યા નહી અને શેઠની તબિયત દિવસે દિવસે વધારે લથડવા લાગી ત્યાં એક દિવસ ગામ માં વિદેસ થી કોઈ મોટા વેદરાજ આવ્યા હતા એમને શેઠની તપાસ કરતાં એમણે શેઠ ને કરોના થયો સે અને હવે શેઠ થોડા દિવસ ના જ મહેમાન છે એવુ કહ્યુ

શેઠાણી ચિંતામાં પડી ગયા અને શેઠ ના ઈલાજ માટે ભગવાન ને આજીજી કરવા લાગ્યા .. ત્યાં ગામ માં બાપાનંદ નામના એક મોટા સંત આવ્યા એમણે શેઠાણી ને શેઠ ને સાજા કરવા માટે ભગવાન સોમ નું તપ કરવાનં કહ્યુ એટલે શેઠાણી ભગવાન સોમ નું તપ કરવા લાગ્યા એમની આકરી તપસ્યાથી ભગવાન સોમ પ્રસન્ન થયા અને શેઠાણી ને કહ્યુ “ માંગ માંગ માગે તે આપુ “

એટલે શેઠાણીએ ખોળો પાથરી સજળ નયને એમના શેઠ ને કરોના નામની ભેદી બિમારી થઈ છે એ મટાડી દેવા કહ્યુ

આથી ભગવાન સોમ તેને કરોના નું વ્રત કરવા નું કહ્યુ અને કીધુ કે જે નારી આ વ્રત કરસે તેના વર ને કદી કરોના બિમારી થશે નહી આથી શેઠાણીએ ભગવાન સોમ ને કહ્યુ : આ કરોના વ્રત શું છે અને તે કેવી રીતે થાય તે વિસે જણાવો મને ભગવાન

આથી ભગવાન સોમે શેઠાણી ને કહ્યુ : કરોના વ્રત રોજ સાંજે ૬:૪૫ થી કરવાનું હોય છે આ માટે નારીએ સાંજે સ્વહસ્તે ફ્રાય કાજુ , વેફર મસાલા શીંગ અને સલાડ જેવા જાત જાત ને ભાત ભાત ચખના બનાવી સાંજે ૬:૪૫ થાય એટલે એક રૂમ માં કપુર , ઈલાયચૂ લવિંગ ગૌમુત્ર અને ગૌ છાણ તથા સુવર્ણભસ્મ માંથી બનાવેલ સુગંધીત ધુપ કરી મંદ મંદ શિતળ સંગીત રેલાવી આ ઉપર કહ્યા એ ચખના સાથે ચાંદીના પિયાલા માં સોમરસ ને પોતાના હાથે નર ને પીવડાવવો અને સોમરસ ના સેવન બાદ જાતે જ બનાવેલા વિવિધ વ્યંજનો પતિ ને ભાવપુર્વક જમાડવાથી એ નર ને કદી કરોના થશે નહી અને જો થયો હસે તો પણ કરોના મટી જશે

શેઠાણીએ ઘરે આવી કરોના વ્રત ની શરૂઆત કરી અને રોજ ભગવાન સોમરસે કહ્યા મુજબ વ્રત કરવા લાગી આથી થોડા જ દિવસો માં શેઠ ની તબિયત સારી થઈ ગઈ

ભગવાન સોમ જેવા શેઠ શેઠાણી ને ફળ્યા એવા સહુને ફળજો.....??

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આઈઆઈટીઈના પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'નું લોકાર્પણ કર્યુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન – આઈઆઈટીઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા જોબ પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'-(એકમ્પ્લિશિંગ ડ્રીમ્સ ફોર ઇન્ડિયન ટીચર્સ એન્ડ ર્યનિંગ એડમિનિસ્ટ્રેટર્સ)નું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું.



શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમા આ લોકાર્પણ વેળાએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આદિત્ય પોર્ટલ લોકાપર્ણ કરતાં જણાવ્યું કે, ''ભારત જયારે ૫ ટ્રિલિયન ડૉલર્સનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે તાલીમબદ્ધ મેનપાવર (માનવબળ) પણ નિકાસ કરવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે આઈઆઈટીઈ શિક્ષણ માટેના વૈશ્વિક ધારાધોરણો અને માપદંડો આધારિત ભારતીય જ્ઞાન પરંપરાના મૂલ્યોથી સંવર્ધિત થયેલાં શિક્ષકોનું ઘડતર કરી રહી છે.''

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ''આદિત્ય જોબ પોર્ટલ જેવી સુવિધાઓથી આપણા વિદ્યાર્થીઓને દેશ-વિદેશની વિવિધ શાળાઓમાં કામ કરવાની તકો ઉપલબ્ધ થશે. એટલું જ નહિ, ગુણવત્તાયુક્ત તાલીમબદ્ધ શિક્ષકો ઇચ્છતી શાળાઓને પણ આ પોર્ટલના માધ્યમથી કૌશલ્યસભર શિક્ષકો સરળતાએ પારદર્શી પદ્ધતિથી મળી શકશે.''

શ્રી વિજયભાઇ રૂપાણીએ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં આઇઆઇટીઇ દ્વારા યોજવામાં આવેલા કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ – 'બાપૂ સ્કૂલ મેં' અભિયાનની પણ સરાહના કરી હતી.

તેમણે ટૅક્નૉલૉજી સાથે ઉછેર પામી રહેલી નવી પેઢીના શિક્ષણ માટે શિક્ષણમાં ટૅક્નૉલૉજીનો અસરકારક ઉપયોગ કરવાના કૌશલ્યોથી સજ્જ શિક્ષકો તૈયાર કરવાના આઈઆઈટીઈની પ્રયાસોની માહિતી પણ મેળવી હતી.

શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, ''આદિત્ય જોબ પોર્ટલ આઈઆઈટીઈ દ્વારા યોગ્ય સમયે તૈયાર કરવામાં આવ્યું છે. નવા તૈયાર થયેલાં શિક્ષકોને આગામી શૈક્ષણિક સત્રથી જ યોગ્ય સ્કૂલોમાં પ્લેસમેન્ટ માટેની તકો આ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ બનશે. ભારતીય શિક્ષણ પદ્ધતિથી તૈયાર થનારા શિક્ષકો નવી પેઢીમાં ભારતીય સંસ્કારો અને મૂલ્યોનું સિંચન કરે તે દિશામાં આ પ્રકારના પ્રકલ્પો ખૂબ ઉપયોગી સાબિત થશે, એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, આઈઆઈટીઈના અભ્યાસક્રમોમાં અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોકરીની તકો ઉપલબ્ધ બને તે માટે આ પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જ આ પોર્ટલ શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા ઇચ્છુક તાલીમબદ્ધ ઉમેદવારો માટે પણ ખુલ્લું મૂકવામાં આવશે.

આ પોર્ટલ લોકાર્પણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, આઈઆઈટીઈના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, આઈઆઈટીઈના રજિસ્ટ્રાર શ્રી ડૉ. એસ સી પટેલ, આઈઆઈટીના ડીન શ્રી ડૉ. કલ્પેશ પાઠક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સીએમ-પીઆરઓ/અરૂણ

# ગુજકોસ્ટની મહિલા ક્લબે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરી



મોટી ઈસરોલ, તા ૭

સર પી ટી સાયન્સ કોલેજના વિમેન્સ ડેવલોપમેન્ટ સેલ અને ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત જીલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર અરવલ્લીની વિજ્ઞાન મહિલા ક્લબ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણીનું આયોજન કરેલ હતું

કોલેજ કેમ્પસમાં વિષેશ મહિલાઓ આધારિત વિવિધ કાર્યક્રમો ના સત્રો યોજાયા હતા. મહિલા કાયદા અંગે લો કોલેજના પ્રો ડો અલ્પાબેન ભટ્ટીએ વ્યાખ્યાન આપ્યું હતું . અરવલ્લી ડી એસ પી કચેરીના અધિકારી ઉપાસનાબેન ચૌધરી હાજર રહ્યા હતાં .મહિલાઓના પ્રદાન અંગે ૫૦ બહેનોએ પોસ્ટરો રજુ કર્યા હતાં

આ પ્રસંગે અરવલ્લી ની શ્રુતિ પટેલનો પ્રોજેકટ લોક વિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શન થી ગુજકોસ્ટ દ્વારા પેટન્ટ નોંધતા કેળવણી મંડળના સેક્રેટરી સુરેન્દ્રભાઈ શાહે આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતુ .બહેનોની જુદી જુદી સ્પર્ધાઓની સિદ્ધિને રોકડ તથા પ્રમાણ પત્રોથી સન્માનિત કરેલ હતી. ગુજકોસ્ટ પ્રેરિત ઉજવણીઓ મહિલા કલબ ના કન્વીનર ડો જયશ્રી બેન પટેલ ચેરમેન ડો વંદનાબેન પટેલ વિજ્ઞાન સંચારક ચદંનબેન પટેલ, માર્ગદશનથી યોજવામાં આવ્યા હતાં. મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચન્દ્ર મોદી,સેક્રેટરી સુરેન્દ્રભાઈશાહે તથા પ્રિન્સીપાલ ડો કે પી પટેલે મહીલા સભ્યોને બિરદાવી અભિનંદન પાઠ્વ્યા હતાં

# જિલ્લા પ્રભારીમંત્રીશ્રી રમણભાઈ પાટકરની અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન સમિતિની બેઠક યોજાઇ

મહેન્દ્ર પટેલ અરવલ્લી
બ્યુરો મોડાસા

મોડાસા – શનિવાર



અરવલ્લી જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરી, સભાખંડ, અરવલ્લી, મોડાસા ખાતે આયોજન મંડળના અધ્યક્ષશ્રી સહ અરવલ્લી જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, અને (રા.ક.) વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રીરમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની જિલ્લા આયોજન સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ૨૦૨૦-૨૧ ની રૂ.૧૦૬૬.૫૯/- લાખના કુલ ૭૭૦ કામો મંજૂર કરવામાં આવ્યા. ઉપરાંત તમામ તાલુકાઓમાં જે ગામોમાં એક પણ કામ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવેલ ન હોય તેવા પાંચ ગામોમાં એક એક કામને મંજૂર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું

કુલ ૭૭૦ કામો પૈકી સી.સી.રોડના ૧૨૨ કામો માટે રૂ.૧૭૭.૭૦ લાખ, પેવર બ્લોકના ૧૦૩ કામો માટે રૂ.૧૪૫.૧૩ લાખ, ડીપ/ગરનાળાના ૧૧૦ કામો માટે રૂ.૨૧૮.૧૬ લાખ,ગટરલાઈનના ૪૪ કામો માટે રૂ.૬૫.૫૦ લાખ, પ્રોટેક્શન વોલના ૯૭ કામો માટે રૂ.૧૪૪.૬૦લાખ, પાણી પુરવઠાના ૨૦૦ કામો માટે રૂ.૧૭૭.૦૫લાખ તેમજ રૂ.૧૩૮.૪૫ લાખના ૯૪ અન્ય કામોને પ્લાનીંગ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.

બેઠકમાં વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ સુધીના વિકાસના કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી અને બાકી કામો મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીઓને માર્ચ ૨૦૨૦ ના અંત સુધીમાં પૂર્ણ કરવા સુચના આપી હતી.

આ અંગે સભ્ય સચિવશ્રી-વ- જિલ્લા આયોજન અધિકારીશ્રી સુરેન્દ્રસિંહ ડાભીએ અરવલ્લી જિલ્લામાં ગ્રામીણ ક્ષેત્રે લોકોની સુખાકારીમાં વધારો થાય તેમજ ખૂટતા કડીરૂપ પાયાના વિકાસના કામોનો લાભ છેવાડાના વિસ્તાર સુધી મળી રહે અને સમગ્ર જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય અને સરકારશ્રીની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ સમયસર મળી રહે, અને યોજનાઓના અમલીકરણમાં વિલંબ ન થાય તે માટે સામાન્ય વહિવટ વિભાગ, આયોજન પ્રભાગ દ્વારા આગોતરું આયોજન મંજૂર કરવા સમય બધ્ધ આયોજન હાથ ધરવા તમામ જિલ્લાઓમાં આદેશો કરવામાં આવેલ છે જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજી હતી એમ જણાવ્યુ હતું.

બેઠકમા જિલ્લા કલેકટર શ્રી અમૃતેષ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ અનીલ ધામેલિયા, પોલીસ વડાશ્રી મયુર પાટીલ, પ્રાયોજનના વહિવટદારશ્રી એસ.પી મુનીયા, નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રી આર.જે વલવી, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હંશાબેન પરમાર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રી ભીલોડા-મેઘરજ શ્રી ડો. અનિલ જોષીયારા, મોડાસાના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, આયોજન મંડળના સમિતિના સભ્યશ્રીઓ અને અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.




**અબડાસા ના ભાચુંડા ગામ આંગણવાડી મંજુર થયેલ છે છતાં બનાવા આવતી નથી બાળકો તકલીફ પડે છે સરપંચ શ્રી જીતુભા સોઢા ઉપસરપંચ હાજી અલી મંધરા જલદી બનાવા આવે તે માંગ કરી રહ્યા છે જુની આંગણવાડી જરજરી થયી છે નવી મજુરી મલી છે ગામ ના વિકાસ થાય તે માટે સરપંચ શ્રી જીતુભા સોઢા માંગ કરી રહ્યા છે**

# જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે મોટી ઈસરોલ ગામની મુલાકાત લઈ દફતર ચકાસણી કરી

મોટી ઈસરોલ, તા.૭



અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે આજરોજ સવારે મોટી ઈસરોલ ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી વિવિધ સરકારી યોજનાઓ,વણ ઉકલ્યા પ્રશ્નો અંગે, ગામના અને ગૌચર દબાણ સહિતના પ્રશ્નો , મરણ પામેલ ખાતેદારના વારસદારોની વરસાઈના કેસો, વિધવા સહાય બાબત તેમજ પીવાના પાણી,રસ્તા,આરોગ્ય વિષયક પ્રશ્નોની ચર્ચા સ્થળ ઉપર કરીને અધૂરી વરસાઈના કેસો ઝડપથી વારસાઈ કરવા ઉપર ભાર મક્યો હતો. તેમણે દફતર ચકાસણી દરમિયાન દરેક સીઝનમાં થયેલ વાવેતરની નોંધ અને પાણીપત્રકની પણ ખરાઈ કરી હતી. આઅંગે ચકાસણી પછી ગામની સસ્તા અનાજની દુકાનની મુલાકાત લઈને ખાંડ,ચોખા,ઘઉ, કેરોસીન સહિતના જથ્થાની પણ ચકાસણી કરી હતી. તે દરમિયાન કલેક્ટરની સાથે પ્રાંત કલેક્ટર મયંકભાઈ પટેલ,મામલતદાર અરુણદાન ગઢવી,મોટી ઈસરોલ સેવા મંડળીના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ,વા.ચેરમેન રાજેશભાઈ પટેલ, સેક્રેટરી દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તે અગાઉ ગ્રામ પંચાયતમાં મળેલી બેઠકમાં આ આગેવાનો, ઉપરાંત સરપંચ,ડે. સરપંચ તેમજ સભ્યો અને તલાટી કમ મંત્રી,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અભદ્ર ટીપ્પણી કરવા મામલે એએમસી કમિશનર નહેરાની પત્ની સામે ગુનો નોંધાયો

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરા ગુજરાતની આઈએએસ લોબીમાં ઘણા વગદાર અધિકારી ગણાય છે. તેમના કામ સહિત તેઓ વિજય રૂપાણીની ગુડબુકમાં હોવાને કારણે તેમનું પલડું સરકારમાં ભારે રહ્યું છે. પરંતુ હવે તેમની પત્ની સુમન નેહરાના કારણે વિજય નેહરા ક્ષોભ જનક સ્થિતિમાં મુકાયા છે. અમદાવાદથી પ્રસિદ્ધ થતા એક અંગ્રેજી અખબારના મહિલા સંપાદક સામે ટ્વીટર હેન્ડલર પર અભદ્ર ટીપ્પણી કરવાના મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સાયબર સેલએ તેમની સામે ગુનો નોંધ્યો છે.સાયબર સેલમાં એક અંગ્રેજી અખબારના તંત્રીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સુમન નેહરાએ પોતાના ટ્વીટર એકાઉન્ટમાં દિપલ ત્રિવેદી અને તેમના જુના સહકર્મી જાનવી વિરુદ્ધ કેટલીક અભદ્ર ટિપ્પણીઓ કરી હતી. જેના કારણે બંને મહિલાઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હતું. સાથે જ દિપલ ત્રિવેદીનું ટ્વીટર એકાઉન્ટ અખબારનાં વ્યવસાયિક હેતુના માટે હોવાને કારણે તેમના અખબારની પ્રતિષ્ઠાને પણ હાની પહોંચી હતી.

## અશુભ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥



ભારતીય જનતા પાર્ટીના સીનીયર આગેવાન કાર્યકર્તા
ધોળકા શહેરના પૂર્વ પ્રમુખ એવા

**શ્રી રાજેન્દ્રભાઈ શાહ (મેયર)**

તા. ૭-૩-૨૦૨૦ શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે.
તેઓની અંતિમ યાત્રા નિવાસ સ્થાનેથી બપોરે ૩-૩૦ કલાકે નિકળશે.

-: નિવાસ સ્થાન :-
વર્ધમાન સોસાયટી, સરોડા રોડ, કલીકુંડ, ધોળકા.

**ભારતીય જનતા પાર્ટી સહ પરિવાર**

### ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# મહિલાઓને ૧૮૧ અને અભયમ મહિલા હેલ્પલાઈનનો અતૂલ્ય સહયોગ

વલસાડ બ્યુરો : અજીત પટેલ

મહિલાઓને ઘરેલુ હિંસા, બચાવ, સલાહ અને માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે મહિલા અને બાળ કલ?યાણ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ અનu GVK EMRI દ્વારા સંચાલિત ૧૮૧ મહિલા હેલ?પલાઇનનું સમગ્ર રાજયમાં અમલીકરણ થઇ રહયું છે.GVK EMRI ના ચીફ ઓપરેટીંગ અધિકારી જણાવે છે કે, ૧૮૧, અભયમ? મહિલા હેલ?પલાઇન મહિલા સશકિતકરણના રૂપમાં ખૂબ અગત?યનો ભાગ ભજવી રહી છે. મહિલાઓને કટોકટીના સમયે તાત?કાલિક પ્રતિસાદ આપી તેમની મૂંઝવણ અને મુશ?કેલીના સમયે એક સ?વજનની જેમ સાથે રહી વિશ્વાસ સંપાદન કર્યો છે. ૧૮૧ મહિલા હેલ?પલાઇન ૮મી માર્ચ ૨૦૧૫ થી શરૂઆત કરી હતી અને પાંચ જ વર્ષના ટૂંકા ગાળામાં ૬,૭૮,૭૯૭ કરતા વધુ મહિલાઓને સલાહ, બચાવ અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ?યું છે. ઉપરાંત ૧.૩૫ લાખ કરતાં વધુ મહિલાઓને રેસ?કયુવાન દ્વારા સ?થળ ઉપર જઇ મદદ, માર્ગદર્શન અને બચાવ કરવામાં આવ?યો છે.૮૩,૩૪૬ જેટલા કિસ?સામાં સ?થળ ઉપર સમાધાન ૪૧,૨૩૧ મહિલાઓને ગંભીર પ્રકારના કિસ?સામાં સ?થળ ઉપર જઇ રેસ?કયુ કરવામાં આવ?યા છે. ૧૮૧ મહિલા હેલ?પલાઇન મોબાઇલ એપ?લીકેશન ગુગલ પ?લે સ?ટોર તેમજ એપ સ?ટોર"જી ઉપર પણ ઉપલબ?ધ છે. તેના કારણે ઘટનાના સમયે કોલ કરનાર મહિલાનું ચોકકસ સ?થળ મળી રહે છે. આ એપ?લીકેશન દ્વારા ઘટનાના ફોટોગ્રાફસ, વિડીયો પણ અપલોડ કરી શકાય છે. માહિતી આપી શકાય ન હોય તેવા સમયે પેનીક બટનની સુવિધા પણ આપવામાં આવી છે. જેના મારફતે પાંચ જેટલા વ?યકિતઓને એસએમએસ પહોંચાડી શકાય છે. ખૂબ જ ટૂંકાગાળામાં એન?ડ્રોઇડ થી ૯૦ હજાર મહિલાઓ એપ ડાઉનલોડ કરી છે.

# સરડોઈમાં રાષ્ટ્રીય કક્ષાની ગુજરાતી ફિલ્મનું નિર્માણ.. સરડોઈના રાષ્ટ્રીય કલાકારે ફિલ્મના કલાકારોનું સન્માન કર્યું



મોટી ઈસરોલ, તા.૭

મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં મુંબઈના ગુજરાતી ફિલ્મના નિર્માતા અને લેખક વિદાર જોષી નિર્મિત ભવાઈ શૈલી માં ગુજરાતી ફિલ્મ ×શૂન્ય ×નું નિર્માણ સહ નિર્માતા -અભિષેક કોટડીયા, સત્યજિત રાજા નીબંલકર, મૈત્રી કારિયા, યશ પટેલ, લહેર મિત્તલ, ભૂમિકા શાહ, કીર્તિ સોની, સહિતના અનેક સહયોગીઓના વડપણ હેઠળ થતાં તા. ૬માર્ચના રોજ સરડોઈ પરબડી ચોકમાં યોજાયેલ સમાપન સમારોહમાં સરડોઈના જાણીતા નાટ્યવિદ રાષ્ટ્રપતિ એવોર્ડ અને વિશ્વ રંગભૂમિ દિવસ એવોર્ડ વિજેતા મોતીભાઈ ભગવાનભાઈ નાયકે આ ફિલ્મમાં કલાના ઓજસ પાથરનાર રાષ્ટ્રીય કલાકારો ચરિત્ર અભિનેત્રી લીલી પટેલ, શિષ્ટ કલાકાર મેહુલ બુચ, નાટ્યસમ્રાટ રાજુ બારોટ, બાળકલાકાર જીયા શાહ, ડૉ. નયના ત્રિવેદી, અનયા જોષી, ભવાઈ કલાકારો પ્રકાશ નાયક, રમેશ નાયક, લોકવાદ્ય કલાકારો હરેશ નાયક, ચીમન નાયક, વિનોદ નાયક, સુમતિ નાયક સહિતનાં વીસ કલાકારોનું શાલ અને રોકડ પુરસ્કાર અર્પણ કરી સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન દિગ્વિજય નાયક, મહેન્દ્ર નાયક, વિનયસિંહ રહેવર, શક્તિકુંવર પટેલ વગેરેએ કર્યું હતું.



गुड्स शेड रोड, मूसापेट मे श्री संकट मोचन प्राचीन हनुमान मन्दिर मे 108 श्री रामभूषणदासजी महाराज, महामण्डलेश्वर संतश्री मदनमोहनदासजी महाराज के सानिध्य मे आयोजित बैठक मे उपस्थित गौभक्त जसमत पटेल, सतीष अग्रवाल, विनोद अग्रवाल, रिद्धीश जागीरदार, तरूण महेता, लालजी पटेल एवं अन्य महानुभव।

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.